**મેહ. દેવ.બારીઆના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,**
**દેવ.બારીઆ, દાહોદ.**

**અરજદાર :** **નાયકા રાકેશભાઈ નાનસીંગભાઈ,**
રહે. જડીયાણા, હે. કુંડલીયા ફળીયુ, તા. જિ. છોટા ઉદેપુર.

**સામાવાળા :** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૯૭ તથા ૫૦૩ અન્વયે**
**મુદ્દામાલ અરજી લગત હુકમ**

ગુના રજીસ્ટર નંબર: સાગટાળા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૮૨૧૦૫૦૨૬૦૨૦૭/૨૦૨૬

પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબ

**મુદ્દામાલઃ** **VIVO Y19S 5G**
**આઈ.એમ.ઈ.આઈ.** 867538087780715
**આઈ.એમ.ઈ.આઈ.** 867538087780707

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ તથા ૫૦૩ અન્વયે હાલની અરજી અરજદાર ઉપરોકત જણાવેલ મુદ્દામાલ તેમની માલીકનો હોય, ઉપરોકત જણાવેલ ગુના રજીસ્ટર નંબરથી ગુનાના કામે પોલીસ તપાસ દરમ્યાન મુદ્દામાલ તરીકે કબજે કરેલ હોય, હાલની ફરિયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય, મુદ્દામાલ જો પોલીસ સ્ટેશનમાં એમ ને એમ પડયો રહે તો તેને નુકશાન થાય તેમ હોય, તેવા સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે મુદ્દામાલ યોગ્ય તે રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે.

**૨.** આ કામમાં અરજદાર તર્ફે વિદ્વાન વકીલશ્રી તેઓની અરજીમાં જણાવેલ કારણો મુજબની રજુઆત કરેલ છે. તેઓ વધુમાં રજુઆત કરે છે કે, સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશન પડી રહેવાથી તેના મશીનરી અને પાર્ટસ બગડી જવાનો સંભાવના હોય સદર મુદ્દામાલ નામદાર કોર્ટ યોગ્ય તે શરતે વચગાળાની રાહે મુકત કરવા વિનંતી કરેલ છે.

**3.** આ કામે તપાસનીશ અધિકારીનો અહેવાલ મંગાવતા મુદ્દામાલ ન છોડવા અભિપ્રાય આપેલ છે તેમજ આ કામે વિ.એપીપીશ્રીનાઓએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, આ કામે તપાસ હાલમા ચાલુ છે તથા અન્ય આરોપીને પકડવાના બાકી હોય તેથી હાલની નામંજુર કરવાની રજુઆત કરેલ છે.

૪. આ કામે અરજદારે રજુઆત ધ્યાને લીધી. રેકર્ડ પરના તમામ દસ્તાવેજો વંચાણે લેતા અરજદાર દ્વારા રજુ કરેલ બીલ તથા ઓળખ પત્ર વંચાણે લેતા હાલના તબકકે ઉપર જણાવેલ મુદ્દામાલ મુળ માલકીનો હોવાનુ જણાઈ આવે છે. વધુમા ફરીયાદ વંચાણ લેતા આ કામના અરજદારે સદર ગુનાના કામે મુદ્દામાલ મોબાઈલનો પ્રત્યક્ષ ઉપયોગ કર્યો હોય તેવી હકીકત જણાય આવતી નથી જેથી નામ. સર્વોચ્ચ અદાલતના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા તથા અન્ય નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમા કરેલ અવલોકન ધ્યાને લેતા તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની જોગવાઈઓ ધ્યાને રાખી હાલનો મુદ્દામાલ મોબાઈલ વચગાળાની કસ્ટડીએ કેટલીક શરતોને આધીન મુકત કરવામા આવે તો ન્યાયનો હેતુસર થાય તેમ છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: **<u>હુકમ</u>** ::

૧. અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આથી આ કામના તપાસ કરનાર અધિકારીને હુકમ કરવામા આવે છે કે મોબાઈલ ફોન અરજદારને સોપતા પહેલા તેનો બનાવટ, મોડલ, કલર અને આઈએમઈઆઈ નંબર સ્પષ્ટ દેખાય તેવા કલર ફોટોગ્રાફ્સ લેવા અને તે અંગેનુ વિગતવારનુ પંચનામુ તૈયાર કરવુ તથા ફોટોગ્રાફ્સ ઉપર અરજદાર અને તપાસ કરનાર અધિકારીએ સહી કરવી.

૩. આથી આ કામના તપાસ કરનાર અધિકારીને સુચના આપવામા આવે છે કે જો મોબાઈલ ફોનમા રહેલો ડેટા ગુનાના કામે મહત્વનો પુરાવો હોય, તો મોબાઈલ અરજદારને સોપતા પહેલા એફ.એસ.એલ. મારફતે તેનુ કલોનીંગ (મીરર ઈમેજ) કરાવી લેવુ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓ મુજબનુ પ્રમાણપત્ર મેળવી લેવુ.

૪. આથી એવો હુકમ કરવામા આવે છે કે, આ કામના અરજદારે સદર મુદ્દામાલ અન્વયે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કર્યેથી **નીચેની શરતોને આધીન** કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી વચગાળાના ધોરણે સોંપી આપવા હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

(૧) અરજદારએ મુદ્દામાલનો કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ ગીરો કે અન્ય રીતે માલીકી બદલાય તે રીતે તબદીલ કરવું કરાવવું નહીં તેમજ ફોનમા રહેલ કોઈપણ ડેટા ડીલીટ કે ફોર્મેટ કરવા નહી.

(૨) સબંધિત ટ્રાયલ કોર્ટ કે અન્ય કોર્ટ જયાં અને જયારે મંગાવે ત્યારે સદરહું મુદ્દામાલ મુળ સ્થિતિમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો અરજદાર ઉપરોકત કોઈ પણ શરતનો ભંગ કરશે તો આ હુકમ આપોઆપ રદ થયેલ ગણાશે અને કોર્ટ અરજદાર વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

(૪) અરજદારે સબંધીત પોલીસ સ્ટેશનમાં જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

– હુકમ અંગેની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા. ૨૫/૦૩/૨૦૨૬**
**દેવગઢ બારીઆ.**

**(એસ.આર.વકીલ)**
**જ્યુડી. મેજી. ફ. ક.**
**દેવગઢ બારીઆ,દાહોદ.**
**UIC - GJ 01537**